# કન્યા-કિશોરોના કૌશલ્ય જાગૃતિ માટે ગાયત્રી પરિવાર દ્વારા ભગીરથ પ્રયાસ

બાયડ તા.૭

છેલ્લા લાંબા સમયથી ચાલી રહેલ કોરોના રુપી મહામારીના વાતાવરણની બાળકોના માનસ પર પણ અસર થઈ હોય તે સ્વાભાવિક છે. કિશોર અવસ્થાના બાળકો કે જેઓના અભ્યાસ પર પણ અસર થઈ હોય.આવા સમયમાં આવા કન્યા-કિશોર ઉંમરમાં જેઓ સમજણના ઉંબરે આવીને ઉભા હોય છે. આવા બાળકોને સાચા માર્ગ પર પ્રેરણા અને માર્ગદર્શન મળે એમના મનોબળ અને કૌશલ્યને જાગૃત કરવા મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્ર દ્વારા પ્રયાસ હાથ ધરવામાં આવ્યો. જે "કન્યા-કિશોર કૌશલ્ય" જાગૃતિ અભિયાન ચલાવવા તા.૬ ફેબ્રુઆરી, રવિવારથી આ આંદોલનનો શુભારંભ કરવામાં આવ્યો. મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્ર પર આ માટે બપોરે ૨ થી ૪ દરમિયાન આ પ્રથમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જે હવેથી મોડાસા ક્ષેત્રમાં ગામેગામ આ રીતે કન્યા-કિશોર કૌશલ્ય જાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે.



આ કન્યા-કિશોર કૌશલ્ય જાગૃતિ અભિયાનની આ પ્રથમ શિબિરનો શુભારંભ ગાયત્રી ચેતના કેન્દ્રના પ્રમુખશ્રી ધર્માભાઈ પટેલ, આ આંદોલનના જિલ્લા સંયોજક વિલાસબેન પટેલ, આ આંદોલનના મોડાસા તાલુકા સંયોજક કિરણબેન ભાવસાર, અમિતાબેન પ્રજાપતિ એ દિપ પ્રજ્વલિત કરી શુભારંભ કર્યો હતો. ઉપસ્થિત સૌ બાળકો તથા વાલિઓને આ વિષયમાં શાંતિકુંજ હરિદ્વારથી તાલિમ લઈને આવેલા વિલાસબેન પટેલ તથા કિરણબેન ભાવસારે પ્રોજેક્ટર દ્વારા પ્રેઝન્ટેશન સાથે ખૂબ જ ઝીણવટ ભરી માહિતીથી આપી હતી.

ગાયત્રી પરિવારના અરવલ્લી જિલ્લા સમન્વયક હરેશભાઈ કંસારાએ આ પ્રયાસને હાલની સ્થિતિમાં ખૂબ જ જરુરી ગણાવ્યો હતો. આ માટે વધુમાં વધુ સક્રિય પ્રયાસ હાથ ધરવા ઉપસ્થિત સૌ પરિજનોને જણાવ્યું હતુ. આ કન્યા-કિશોર કૌશલ્ય જાગૃતિ આંદોલનના અરવલ્લી જીલ્લા સંયોજક વિલાસબેન પટેલના જણાવ્યાનુસાર હવે મોડાસા આસપાસના ગામો સહિત જિલ્લાભરમાં આ આંદોલન તિવ્ર ગતિએ વેગવાન બનાવવા સક્રિય પ્રયાસ કરવામાં આવશે. આ આંદોલનના તાલુકા સંયોજક કિરણબેન ભાવસારે આભાર વિધિ કરી કાર્યક્રમનું સમાપન કરવામા આવ્યું હતું.

### ભિલોડાના ખાડીયા ચોકમાં

# શ્રી ગણપતિ બાપાના મંદિરમાં પ્રથમ (ગણેશયાગ) પાટોત્સવ યોજાયો

ભિલોડા,તા.૦૭

ભિલોડાના ખાડીયા ચોકમાં શ્રી ગણપતિ બાપાના મંદિરમાં પવિત્ર પાવન વસંત પંચમીના શુભ દિને પ્રથમ (ગણેશયાગ) પાટોત્સવ ભક્તિ ભાવ પુર્વક શ્રદ્ધા ભેર સંપન્ન ભાવિક ભક્તોએ દર્શન કરીને પ્રસાદી મેળવીને ધન્યતા અનુભવી હતી.શ્રી ગણેશ મહોત્સવ સમિતિ, ભિલોડાના સેવાભાવી કાર્યકરો સતિષભાઈ લઠા,ભરતભાઈ ત્રિવેદી, વિજયભાઈ રાવલ, ભરતભાઈ નિનામા, હરીઓમ પંડ્યા સહિત ગણપતિ બાપાના મંદિરના સંચાલકો દ્વારા આયોજીત શ્રી અષ્ટવિનાયક ગણપતિ બાપાનો પ્રથમ (ગણેશયાગ) પાટોત્સવ શ્રધ્ધાભેર યોજાયો હતો.શાસ્ત્રી કીર્તિકુમાર અને હાર્દિકભાઈ બાવજીએ વિધિવિધાન પુર્વક શ્રદ્ધા ભેર પુજન અર્ચન કરીને હવન કર્યું હતું. કોરોના વાઈરસની મહામારી દરમ્યાન કોરોનાનો નાશ થાય અને ભાવિક ભક્તોનું સ્વાસ્થ્ય સારૂ રહે તેવી પ્રાર્થના ગણપતિ બાપાને કરાઈ હતી.

# ડીસા તાલુકાના બાઈવાડા ગામે જીવલેણ હુમલામાં બેના મોત

### અંગત અદાવતમાં કરાયેલ હુમલામાં ત્રણ ઘાયલ

ડીસા, તા. ૭

ડીસા તાલુકાના બાઈવાડા ગામે અંગત અદાવતમાં જીવલેણએ હુમલો કરાતાં બેના મોત ત્રણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા..



જર જમીન અને જોરૂ ત્રણેય કજીયાનું છોરૂ કહેવત ડીસા તાલુકાના બાઈવાડા ગામે સાબિત થઈ છે ડીસા તાલુકાના બાઈવાડા ગામે ખેતરમાં થાંભલા ખોદવા બાબટે બોલાચાલી બાદ પોલીસ સ્ટેશનમાં સામસામે રજુઆત કરાયાં બાદ આજે અંગત અદાવત રાખી છરી વડે જીવલેણ હુમલો કરાતાં એકજ પરીવારના બેનાં મોત થયાં અને ચાર જેટલાં લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં ૧૦૮ ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ઈજાગ્રસ્તને સારવાર અર્થે ડીસા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં પરીવારજનો જણાવ્યા અનુસાર બાઈવાડા ગામે હરજીભાઈ નગાભાઈ માજીરાણા ફોજી અને ભેમજીભાઈ નગાભાઈ માજીરાણા ભરતભાઈ માજીરાણા સહિત અન્ય નગાભાઈ દ્વારા સાથે મલી છરી વડે હુમલો કરાતાં ચેલાભાઈ મહેશભાઈ માજીરાણા શારદાબેન ચેલાભાઈ માજીરાણા નું મોત થયું હતું જ્યારે અન્ય ત્રણ જેટલા પરીવારના સભ્યો મહેશભાઈ ગણેશભાઈ માજીરાણા મહાવીર ચેલાભાઈ માજીરાણા અને અનંતાબેન મહેશભાઈ માજીરાણા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં ૧૦૮ ની ટીમ દ્વારા સારવાર અર્થે ડીસા સિવિલ હોસ્પિટલમાં સારવાર બાદ ત્રણ લોકોને પાલનપુર હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવાની ફરજ પડી હતી જ્યારે બાઈવાડા ગામે જીવલેણ હુમલો કરાતાં ડીસા તાલુકા પોલીસ દ્વારા તાત્કાલિક અસરથી ડીસા સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી બાઈવાડા ગામે બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો અને વધું તપાસ હાથ ધરવામાં આવી હતી...?



# બનાસકાંઠાના ધાનેરા પંથકમાં છેલ્લા એક સપ્તાહમાં અકસ્માતની બે ઘટનાથી શોકની લાગણી...

### રવીયા - દેઢા નજીક અકસ્માતમાં બે નાં મોત

ધાનેરા તા.૭

બનાસકાંઠા જિલ્લામાં મુખ્ય હાઈવે માર્ગો અને તાલુકા મથકોની આજુબાજુના ગામડાઓમાં શટલીયા જીપ ચાલકો નો ભારે ત્રાસ મચી જવા પામ્યો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, આ વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહમાં બે માર્ગ અકસ્માતોની ઘટના થી અનેક નિર્દોષોનાં મોત થતા સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.



બનાસકાંઠા જિલ્લામાં રોજિંદા અકસ્માત ના બનાવો માં વધારો થતો જોવા મળી રહ્યો છે તેવામાં વધુ ગતરોજ ધાનેરા તાલુકાના રવીયા-દેઢા પાસે અકસ્માતની ઘટના સર્જાઈ હતી.જેમાં બે બાઈક સામ-સામે ટકરાયા હતા જેને પગલે ઘટના સ્થળે લોકોના ટોળા એકત્રિત થઈ ગયા હતા અને ૧૦૮ ને જાણ કરવામાં આવતાં ૧૦૮ ની ટિમ પણ તાબડતોબ ઘટના સ્થળે પહોંચી હતી અને ઘટનાની જાણ પોલીસ ને થતાં પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. આ ઘટનામાં ધનોલ અને રવીયા ગામના બે આશાસ્પદ યુવાનોના મોત નિપજ્યા હતા. ત્યારે મૃતકોના મૃતદેહો ને પી.એમ અર્થે શહેરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

# જૈન સમાજનું ઘોર અપમાન કરનાર ડીએમસીના સાંસદનો વિરોધ...

### ડીસા અને ધાનેરા જૈન સમાજ દ્વારા આવેદન પાઠવી આંદોલનની ચીમકી

ડીસા, તા. ૮

જૈનોની અહિંસાના મંત્રનું ઘોર અપમાન કરનાર તૃણમુલ કોંગ્રેસના સંસદ



મહુઆ મોઈત્રાજીએ સંસદની અંદર જૈન સમાજના યુવાનો વિશે ઘોર નિવેદન આપતા સમગ્ર જૈન સમાજમાં ભારે રોષ વ્યાપી જવા પામ્યો છે. જેમાં તૃણમુલ કોંગ્રેસના સાંસદ મહુઆએ નિવેદન કર્યું હતું કે જૈનો અમદાવાદની ગલીઓમાં નોન -વેજ ખાવા જાય છે અને પાર્ટીઓ કરે છે એવુ સાંસદમાં જાહેર કરીને સમગ્ર જૈન સમાજ તથા સમાજના મૂલ્યોનું ઘોર અપમાન કરેલ છે જેનો ચોમેરથી ભારે વિરોધ થઈ રહ્યો છે અને આજે ડીસા ડીસા ખાતે પણ શ્રીપાલ સોસાયટી ખાતે જૈન સમાજના અગ્રણીઓની એક બેઠક મળી હતી. જેમાં ડીસાના જાગૃત ધારાસભ્ય શશીકાંત પંડયા, ભાજપના પ્રભારી સુરેશભાઈ શાહ, ડીસા પાલિકા પ્રમુખ રાજુભાઈ ઠક્કર, ડીસા શહેર ભાજપ પ્રમુખ પ્રતિકભાઈ પઢીયાર સહિત ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર હતા ને આ નિવેદનનો ભારે વિરોધ કર્યો હતો. આ પ્રસંગે જૈન સમાજ અને ભાજપના પ્રભારી સુરેશભાઈ શાહ દ્વારા જણાવાયું હતું કે આ નિવેદન બાબતે તૃણમુલ કોંગ્રેસના સાંસદ જાહેરમાં માફી માંગે નહિ તો આગામી સમયમાં સમગ્ર દેશમાં જૈન સમાજ તેનો ઉગ્ર વિરોધ કરશે અને ભેગા થઈ ધરણા પ્રદર્શન પણ કરશે તેમ જણાવી સાંસદના રાજીનામાંની માગ પણ કરી હતી.

# ઈસરી પોલીસે બાઈક પર ૧૦ બોટલ દારૂ સાથે પસાર થતા બુટલેગરને દબોચ્યો

મોડાલા, તા. ૮

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના આગમન પછી દેશી-વિદેશી દારૂ અને જુગારના અડ્ડાઓ પર પોલીસતંત્ર કાબુ મેળવવામાં મહદંશે સફળ રહેતા જિલ્લાવાસીઓએ પોલીસવડાની કામગીરીની સરાહના કરી રહ્યા છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં દેશી દારૂના વેપલા સાથે સ્થાનિક પોલીસ અને એલસીબીની રહેમ નજર હેઠળ બુટલેગરોએ વિદેશી દારૂનું ધૂમ વેચાણ શરૂ કરી દીધું હોવાની ચર્ચા વચ્ચે જીલ્લા પોલીસતંત્ર એકલ દોકલ બુટલેગરોને દબોચી લઈ ખાનાપૂર્તિ કામગીરી કરી રહી છે



ઈસરી પોલીસે પહાડીયા ત્રણ રસ્તા નજીક બાઈક પર વિદેશી દારુની ખેપ મારનાર બુટલેગરને ૧૦ બોટલ સાથે દબોચી લઈ દારૂની ખેપનું પાયલોટિંગ કરતા બાઈકને ઝડપી લીધી હતું જો કે પાયલોટિંગ કરનાર બાઈક ચાલક ફરાર થઈ જતા ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ઈસરી ઇન્ચાર્જ પીઆઈ વી.એસ.દેસાઈ અને તેમની ટીમે પેટ્રોલિંગ હાથધરતા અપાચે બાઈક પર દારૂની ખેપનું સ્પેલન્ડર બાઈક પર પાયલોટીંગ થઈ રહ્યું હોવાનું અને પહાડિયા ત્રણ રસ્તા પરથી પસાર થવાના હોવાની બાતમી મળતા ઈસરી પોલીસે પહાડીયા ત્રણ રસ્તા પર વોચ ગોઠવી બાતમી આધારિત અપાચે બાઈકને અટકાવી તલાસી લેતા થેલા માંથી મેકડોવેલ વીદેશી દારૂની ૮ હજાર રૂપિયાની ૧૦ બોટલ જપ્ત કરી ગાયવાછરડા ગામના કમલેશ નાનજી અસારીને ઝડપી લીધો હતો તેમજ પાયલોટિંગ કરતા સ્પ્લેન્ડર બાઈક ને પણ ઝડપી લીધું હતું બાઈક પર પાયલોટીંગ કરનાર ચાલક ફરાર થઈ જતા ઈસરી પોલીસે વિદેશી દારૂ, બાઈક નંગ-૨ મળી કુલ.રૂ.૭૮ હજારનો મુદ્દામાલ જપ્ત કરી કમલેશ અસારીને જેલના સળિયા પાછળ ધકેલી દઈ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ફરાર બાઈક ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

## જન્મદિને વધામણી




સ્નેહ કૌશિક ભાઈ પંચાલ
સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૨
બાયડ જીલ્લો અરવલ્લી




ઇન્દર પટેલ
ડેમાઈ તા. બાયડ જીલ્લો અરવલ્લી



દક્ષેસસિંહ પુવાર
વાંટડા તા.મોડાસા



જલદીપ આર .પટેલ
સંગઠન મહામંત્રી, બાયડ શહેર ભાજપ યુવા મોરચો
બાયડ જીલ્લો અરવલ્લી



નીતાબેન વિમલભાઈ પટેલ
ઉમિયા મેડિકલ સ્ટોર્સ બાયડ
સ્વામિનારાયણ નગર સોસાયટી વિભાગ-૨
બાયડ જીલ્લો અરવલ્લી

**રક્તદાન મહાદાન**

# મોડાસા : બિલ્ડર પુત્રના લગ્નમાં ભવ્ય રિસેપ્સન.... પણ મહેમાન શ્રમિકો

### બિલ્ડર પરિવારે શ્રમિકો સાથે લગ્નની કરી ઉજવણી : શ્રમિકો ઝૂમી ઉઠ્યા







મોડાસા, તા. ૮

આજકાલ સમગ્ર દેશમાં ધૂમધામથી ફિલ્મી સ્ટાઈલથી લગ્ન પ્રસંગ ઉજવાઈ રહ્યા છે ત્યારે મોડાસા શહેરના અગ્રણી બિલ્ડર અને સેવાકીય કાર્યોમાં હંમેશા અગ્રેસર રહેતા કમલેશ પટેલએ તેમના પુત્રના લગ્નની કોવીડ ગાઈડલાઈન અનુસાર શ્રમિક પરિવારો સાથે જમણવાર યોજી અનોખી ઉજવણી કરી માનવતા મહેકાવી હતી લગ્નપ્રસંગના ભવ્ય રિસ્પેશનની બિલ્ડર પરિવારે શ્રમિકોએ સાથે ભોજનની લિજ્જત માણી હતી.

મોડાસા શહેરના અગ્રણી બિલ્ડર કમલેશ પટેલ લાયન્સ ક્લબ સહીત અનેક સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલા છે તાજેતરમાં તેમના એન્જીનીયર પુત્ર હિલનના લગ્ન પાયલોટ રચના સાથે સંપન્ન થતા લગ્ન પ્રસંગની ઉજવણીના ભાગરૂપે શ્રમિકોને ભવ્ય રિસ્પેપ્શ્ન આપતા શ્રમિક પરિવારો અને તેમના બાળકો બિલ્ડરની મહેમાન નવાજીથી જુમી ઉઠ્યા હતા બીલ્ડર પરિવાર તેમના સગા-સબંધીઓએ શ્રમિક પરિવારો સાથે જમણવારની લિજ્જત માણી હતી શ્રમિક પરિવાર અને તેમના બાળકો શૂપ થી લઈ વિવિધ ફરસાણ અને મીઠાઈ આરોગી હતી અને નવ દંપતિને શ્રમિક પરિવારોએ ગામઠી ગીત અને નૃત્ય કરી આશીર્વાદ આપ્યા હતા બિલ્ડરના પુત્રના લગ્ન પ્રસંગમાં શ્રમિકો માટે યોજેલ રિસેપ્સનની લોકોએ સરાહના કરી હતી